सत्यमेव जयते

## સુરતના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. સુરત

**ફોજદારી કેસ નંબર– ૨૮૦૮/૨૦૨૪**

**આંક–**

**::નમૂના – અ::**

| **મે.સુરત ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે) સાહેબની કોર્ટ સમક્ષ, મુ.સુરત** | |
|---|---|
| ચુકાદા ની તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૨૮૦૮/૨૦૨૪ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(અ)(બ) મુજબ |
| પ્રથમ માહીતી અહેવાલ ની તારીખ | ૦૬–૦૮–૯૪ |
| પોલીસ સ્ટેશન | સુરત રેલ્વે પોસ્ટે, સુરત |
| ફરીયાદ પક્ષ | શ્રી સરકાર / પો.કોન્સ.ખુશાલભાઈ લક્ષ્મણભાઈ |
| રજુઆત | વિદવાન મદદનીશ સરકારી વકીલ શ્રી માર્ટીન પરમાર |
| આરોપી પક્ષ | **ગુરૂચરણ માધવસિંહ શાહુ(ફરાર)**<br>ઉ.વ.૨૨, ધંધો : મજુરી<br>રહે : ગુસડાવણ, તા.કુંચીન્ડા, જિ.સમરપુર, ઓરીસ્સા. |
| આરોપી પક્ષ ની રજુઆત | – |

**::નમૂના – બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૫–૦૮–૧૯૯૪ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૦૬–૦૮–૧૯૯૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૭–૧૨–૧૯૯૪ |
| તહોમતનામાની તારીખ | – |
| પુરાવો શરુ થયાની તારીખ | ૦૧–૦૪–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૪ – ૦૩ – ૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૧ –૦૪ – ૨૦૨૬ |
| સજા હુકમ જો લાગુ પડે તો | –– |

## :: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ નં | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત ની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા ? / કે સજા કરી ? | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો જો કોઈ હોય તો સંહીતાની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **ગુરૂચરણ માધવસિંહ શાહુ(ફરાર)**<br>ઉ.વ.૨૨, ધંધો : મજુરી રહે : ગુસડાવણ, તા. કુંચીન્ડા, જિ.સમરપુર, ઓરીસ્સા. | ૦૫/૦૮/૧૯૯૪ | -- | આર્મ્સ એકટ ની કલમ ૨૫(૧)(અ),(બ) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકયો | – | – |

## :: નમુનો ક ::

**ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના સાક્ષી ની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| **અનુ નં** | **સાહેદનુ નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સ.૧ | રાજુભાઈ જમનાદાસ, આંક–૬ | સોહદ |
| ફ.સ.૨ | ગંભીરસિંહ નાગજીભાઈ, આંક–૮ | પોલીસ શાહેદ |
| ફ.સ.૩ | ખુશાલભાઈ લક્ષ્મણભાઈ, આંક–૧૦ | ફરિયાદી |
| ફ.સ.૪ | રમેશભાઈ પ્રભુભાઈ પટેલ, આંક–૧૯ | પોલીસ શાહેદ |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | – | – |
| બ.સ.૧ | – | – |

**ક) ન્યાયાલય**

| અનુ નં | સાહેદનુ નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | – | – |
| ન્યા.સ.૧ | – | – |

નોંધ :– ઉપરોકત સાક્ષીના પુરાવ ના પ્રકાર માં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે, નજરે નજર જોનાર સાક્ષી (પ્રત્યક્ષ સાક્ષી), પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી તરીકે સંબોધવુ )

**ફરીયાદી / બચાવ / ન્યાયાલના આંકની યાદી**

**અ) ફરીયાદ પક્ષ**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ફ –– | – |
| ૨ | આંક ફ –– | – |

**બ) બચાવ પક્ષ**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક બ –૧/બ.સ.૧ | – |
| ૨ | આંક બ –૨/બ.સ.૨ | – |

**ક) ન્યાયાલય આંક**

| અનુ નં | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | આંક ન્યા–૧/ન્યા.સ.૧ | – |
| ૨ | આંક ન્યા–૨/ન્યા.સ.૨ | – |

**ડ.ભૌતિક પદાર્થ :–**

| અનુ નં | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ભૌ પ–૧ | – |
| ૨ | ભૌ પ–૨ | – |

## –:: ઠરાવ ::–

### (૧) <u>ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–</u>

ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૫/૦૮/૮૪ ના રોજ કલાક ૨૩:૧૫ વાગ્યાના સુમારે સુરત રેલ્વે પો.સ્ટેશન મુસાફર ખાનામાં આરોપીએ પોતાની સાથે રહેલ થેલામાં દેશી હાથ બનાવટનો તમંચો તથા કારતુસ વગર પાસ પરમીટે પોતાના કબજામાં રાખી લઈ જતા પકડાઈ જઈ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(અ)(બ) મુજબનો ગુન્હો કરેલ હોય આ અંગેની ફરિયાદ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૬૯/૯૪ થી રજીસ્ટર્ડ કરી જેની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો હોય અત્રેની અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ કરવામાં આવેલ છે.

### (૨) <u>કોર્ટ કાર્યવાહી :–</u>

આ કામના આરોપીને સીરઆરપીસી ૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો આપવામાં આવેલ છે. અને આંક–૩ થી આરોપીને તહોમતનામુ ફરમાવી આંક–૪ થી આરોપીનુ નિવેદન લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા આ કેસની આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

હાલનું કામ વોરંટ ઉપર છે. આ કેસ ૩૦ વર્ષ કરતા વધારે સમય જુનો છે. આરોપીને અનેકવાર સમન્સ/વોરંટ કરવા છતાં આરોપી હાજર થયેલ નથી. જેથી તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ આંક –૧ નીચે હુકમ કરી સીઆરપીસી કલમ ૨૯૯ મુજબનો આરોપીની ગેરહાજરીમાં પુરાવો રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. અને કેસ આગળ ચલાવવાનો છે.

### (૩) <u>આરોપીનુ વિશેષ નીવેદન :–</u>

નામદાર સુપ્રિમ કોર્ટ ના Basavaraj R. Patil v. State of Collector;. AIR 2000 SC 3214, માં ઠરાવેલ છે કે,

as a general rule, it is necessary that in all cases the accused must answer the questions put to him under section 313(1)(b) by personally remaining present in the court. However, **if remaining present involves undue hardship and large expense the court can dispense such examination even in warrant cases after adopting a measure to comply with the requirements of section 313, Cr.P.C. in a substantial manner.**

આ કેસમાં પણ આરોપી ને અનેકવાર સમંસ તથા વોરંટ કરવામાં આવેલ છે તેમ છતાં પણ આરોપી હાજર થયેલ નથી અને આ કેસ ઘણા વર્ષો થી પેન્ડીંગ છે ત્યારે આરોપીના સીઆરપીસીની કલમ ૩૧૩ મુબજના નીવેદન ઉપરોકત જજમેન્ટ મુજબ ડીસ્પેન્સ વિથ કરવામાં આવેલ છે.

(૪)**દલીલો :-**

અ) ***ફરીયાદપક્ષની દલીલ :-***

આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી માર્ટીન પરમાર ને સાંભળવામાં આવેલ છે તેઓની દલીલ છે કે રેકર્ડ કરવામાં આવેલ તમામ પુરાવાઓ જોવામાં આવે તો, આરોપીના કબજામાં વગર પાસ પરમીટે દેશી તમંચો મળી આવેલાનું ફરિયાદપક્ષ સાબિત કરેલ હોય આરોપીને દોષિત ઠરાવવા માટે અરજ ગુજારેલ છે અને આરોપી હાજર નહી થતા હોય આરોપી તર્ફે કોઈને પણ સાંભળવામાં આવેલા નથી અને કેસ આગળ ચલવવામાં આવે છે.

બ) ***બચાવપક્ષની દલીલ :-***

બચાવપક્ષે આરોપી તર્ફે કોઈ હાજર નહી હોય દલીલ સાંભળવામાં આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતો તથા દલીલો ધ્યાને લેતા આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૫/૦૮/૮૪ ના રોજ કલાક ૨૩:૧૫ વાગ્યાના સુમારે સુરત રેલ્વે પો.સ્ટેશન મુસાફર ખાનામાં આરોપીએ પોતાની સાથે રહેલ થેલામાં દેશી હાથ બનાવટનો તમંચો તથા કારતુસ વગર પાસ પરમીટે પોતાના કબજામાં રાખી લઈ જતા પકડાઈ જઈ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(અ)(બ) મુજબનો મુજબ નો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| (૨) | શુ હુકમ ? |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) ''આખરી હુકમ મુજબ.''

(૭) આ માટેના કારણો નીચે મુજબ છે

**-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**(૦૮) મુદા નં.-૧ ની ચર્ચા :-**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી સ્વરૂપનો હોય ફોજદારી ન્યાયશાસ્ત્ર અનુસાર તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ -૧૦૧ થી ૧૦૩ અનુસાર આરોપી સામેનો કેસ નિ:શં કપણે સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના સીરે રહેલો છે. ક્રિમિનલ જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ મુજબ ફરીયાદીપક્ષે આરોપીસામે મુકવામાં આવેલ ત્હોમત ''બીયોન્ડ રીઝનેબલ ડાઉટ'' યોગ્ય અને નિ:શંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનું હોય છે કે, આરોપી દોષિત છે અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે ફોજદારી કેસમાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠેરવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલુ રહેવાનું હોય છે અને નામ. કોર્ટ ધ્વારા બાદમાં આવેલા અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકત અગર બેનિફિટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

**(૮.૧) કાયદાની જોગવાઈઓ :-**

ફરીયાદપક્ષે આ કામે આરોપી સામે આર્મસ એકટ ની કલમ ૨૫(૧)એ,બી ના ગુનાનો આરોપ છે.

**(૮.૨)Section 25 in The Arms Act, 1959**

**25. Punishment for certain offences.**

(1-A) Whoever acquires, has in his possession or carries any prohibited arms or prohibited ammunition in contravention of section 7 shall be punishable with imprisonment for a term which shall not be less than seven years but which may extend to fourteen years and shall also be liable to fine. Provided that the Court may, for any adequate and special reasons to be recorded in the judgment, impose a sentence of imprisonment for a term of less than seven years.

**Section 7. Prohibition of acquisition or possession, or of manufacture or sale of prohibited arms or prohibited ammunition.**

—No person shall—

(a) acquire, have in his possession or carry; or

(b) use, manufacture, sell, transfer, convert, repair, test or prove; or

(c) expose or offer for sale or transfer or have in his possession for sale, transfer, conversion, repair, test or proof, any prohibited arms or prohibited ammunition unless he has been specially authorised by the Central Government in this behalf.

(૦૯)**આર્મસ એકટ ની કલમ ૩૯ ની પરવાનગી :–**

૦૯) આ કામે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા ઉચીત જણાઈ આવે છે.

2012 (0) AIJEL-HC 226533 GUJARAT HIGH COUR, State Of Gujarat Versus Balkrishna Ramshankar Shukla

**10.** As regards sanction to prosecute the accused, under section 3 of the Arms Act, no person shall have in his possession any fire arms or ammunition unless he holds the licence issued in accordance with the provisions of the said Act and Rules made thereunder. Under section 39 of the said Act, no prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the District Magistrate. In the present case, according to the prosecution,

previous sanction was obtained from the District Magistrate and it was produced at Exh-25.

2003 (0) AIJEL-HC 210901 GUJARAT HIGH COURT Santu Sankarlal Khatri Versus State Of Gujarat

**8.** In that view of the matter, the only offence with which the appellant has been charged and the offence for which he has been convicted can be said to be an offence punishable under Sec. 3 of the said Act and, therefore, the provisions contained in Sec. 39 of the said Act will operate which clearly shows that the prosecution cannot be instituted for an offence punishable under Sec. 3 of the said Act without previous sanction of the District Magistrate.

આર્મ્સ એકટની કલમ ૩૯ ધ્યાને લેવામાં આવે તો તે મુજબ આર્મ્સ એકટની ચાર્જશીટ દાખલ કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની ચાર્જશીટ દાખલ કરવાની પરવાનગી લેવી આવશ્યક છે. અને તે જરૂરી છે પરંતુ આ કામે કોઈ પરવાનથી રજુ કરેલ નથી જેથી કલમ ૩૯ તે મેન્ડેટરી છે તો તેનો ભંગ થયેલ છે તેમ જણાઈ આવે છે.

## (૧૦)<u>બેલેસ્ટીક એકસપર્ટ નો પુરાવો</u> :–

બેલેસ્ટીક એકસપર્ટનો પુરાવો જરૂરી છે અને આ રીપોર્ટના આ કામે સબસ્ટેનશીય કોર્પોરેશન જરૂરી બને છે પરંતુ આ કામે કોઈ પૃથ્થકરણ રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ તમંચો તથા બંદુક ચાલુ હાલતમાં છે તથા તેનાથી કોઈપણ માણસનું અવસાન થઈ શકે તેવું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી.

નામદાર સુપ્રિમ કોર્ટ દવારા (૧) Sarkaria R. (1976). Mahmood vs State of U.P. AIR SC 69, AIR (All India Reporter), SC (Supreme Court). તથા (૨) Singh K. (1992). Mohd. Isa Khan vs State of U.P. Criminal Law Journal, 3987.

માં ઠરાવવામાં આવેલ છે કે, જયારે એકસપર્ટ ના પુરાવા ને કોઈ સબસ્ટેનશીયલ કોર્પોરેશન જરુરી છે માત્ર ફોરેન્સીક રીપોર્ટ ના આધારે દોષીત ઠરાવી શકાય નહી.

ઉપરોકત ચુકાદાઓ માં ઠરાવવા મા ંઆવેલ છે તે મુજબ કલમ ૩ અને કલમ ૩૯ મુજબ જયારે કોઈ આરોપી પાસે થી આર્મ્સ મળી આવે ત્યારે કલમ ૩૯ મુજબની ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ પાસે થી ચાર્જશીટ કરવાની પરવાનગી લેવી જરુરી છે અને તે જોગવાઈ મેન્ડેટરી છે તેથી આ કામે આવી કોઈ પરવાનગી રજુ કરવામાં આવેલ નથી તેથી તેનો લાભ આરોપીને આપવો ઉચીત જણાઈ આવે છે.

**(૧૧)<u>પુરાવાનુ મુલ્યાંકન</u> :-**

આ કામમાં સમગ્ર કેસનો ન્યાયિક નિર્ણય કરતા પહેલાએવીડેન્સ એકટ અન્વયેની જોગવાઈ જોઈએ તો, એવીડેન્સ એકટની કલમ-૩ માં એવીડેન્સ એટલે શું ? તેની વ્યાખ્યા આપવામાં આવેલ છે. તેમાં જણાવેલ છે કે,

'' The instrument by which the Court is convinced of a fact is evidence. It is often classified as being either direct of circumstantial.

આમ, પુરાવો કોર્ટને કન્વીન્સ કરી શકે તેવો હોવો જોઈએ. સાથોસાથ હકીકત એટલે શું ? તે પણ એવીડેન્સ એકટમાં જણાવેલ છે.

'' Facts of which the Court is so convinced that they suggest some inference as to other facts.''

સાથોસાથ એવીડેન્સ એકટની કલમ-૧૦૧ માં સાબિતી અન્વયેની હકીકત જણાવેલ છે. તે જોઈએ તો,

'' Law regarding burden of proof deals with the question by whom and in what manner evidence must be produced and by which party and fact is to be proved. It determines the right and liability to lead evidence and of the right of rebuttal. It assumes importance if both parties fail to adduce evidence or if both parties adduce evidence but the evidence is evenly balanced and the same leaves the Court in doubt.''

આમ, ઉપરોકત મુજબ સામાન્ય રીતે પુરાવો, સાબિતી, સાબિતીનો બોજો આ અગત્યની બાબતે ન્યાયિક નિર્ણય કરવાનો છે. સાથોસાથ કાયદાની જોગવાઈ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ

*બીયોન્ડ રીઝનેબલ ડાઉટ* સાબિત કરવાનો છે. આમ, ઉપરોકત જોગવાઈ અન્વયે નીચે મુજબ આ કેસનું એપ્રીસીએશન કરેલ છે.

**(૧૨)** હાલના કેસમાં જોવામાં આવે તો, આરોપી ઉપર આર્મ્સ એકટની કલમ ૨૫(૧) (બ)(અ) મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**(૧૩)**ફરિયાદી સાહેદ નં.૧ રાજુભાઈ જમનાદાસને આંક–૬ થી તપાસવામાં અવોલા છે આ કામે તમંચો રેકર્ડ કરનાર પંચનામાના પંચ છે તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તા.૦૫/૦૮/૯૪ ના રોજ કલાક ૧૧ : ૨૦ કલાકે તેમને રેલ્વે પોલીસ સ્ટેશન મુસાફર ખાનામાં પંચ તરીકે બતાવેલા છે અને તેમની પાસેના એક માણસના થેલામાંથી એક તમંચો પકડેલો અને તેમની પાસે પાસ પરમીટ માં ગતા નહી હોય તેમના થેલામાં તમામ વસ્તુઓ વિગતે કબજે કરેલ તેનું પંચનામુ આંક–૭ થી રજુ કરેલ છે અને તેઓએ આરોપીની ઓળખી બતાવેલ છે. આ સાથે ઉલટતપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે કાળા રંગની બેગમાં ચાર જોડી કપડા અને એક લીંવીંગ સર્ટીફીકેટની ત્રણ ઝેરોક્ષ હતી અને બીજુ શું હતુ એમને ખ્યાલ નથી અને તેઓ પોલીસ સ્ટેશન ગયેલા આ ફરિયાદપક્ષને મદદકરતા જુબાની સરતપાસમાં આવેલ છે. પરંતુ ઉલટ તપાસમાં તેઓએ માત્ર કપડા અને લીવીંગ સર્ટીફીકેટ કબજે કરેલાની હકીકત જણાવેલ છે. પરંતુ એવી અન્ય કોઈ હકીકત જણાવેલ નથી બીજુ કંઈ હોય તો તે  જણાવેલ હોય તેમ છતાં સરતપાસમાં અને ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો આ પક્ષ ફરિયાદપક્ષને સમર્થન કરે છે.

**(૧૪)**ફરીયાદી શાહેદ નં.૨ ગંભીરસિંહ નાગજીભાઈ આંક–૮ થી ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ તા.૦૫/૦૮/૯૪ ના રોજ સુરત રેલ્વે પો.સ્ટેશન ઉપર કલાક ૨૩:૧૫ વાગેના સુમારે મુસાફર ખાનામાં આરોપીને શકમંદ હાલતમાં પકડેલ હોય અને તેની પુછપરછ કરતા દેશી તમંચો અને તેની પાસેથી પાસ પરમીટ માંગતા તેઓ ના પાડતા તમામ વસ્તુઓનું પંચનામુ કરી કબજે કરી લઈ અને આરોપીને ઓળખી બતાવેલ છે.આ સાહેદ ઉલટતપાસમાં આરોપી પાસેથી ટીકીટ કબજે કરેલ હતી તે યાદ નથી અને તેઓએ તે વખતે કયા કલરનું પેન્ટ શર્ટ પહેરેલ હતું તે હકીકત અત્યારે યાદ નથી જેથી આ સાહેદની જુબાની જોતાં સાહેદે ફરિયાદની વિગતે હકીકત મુજબની જુબાની આપેલ છે.

**(૧૫)** ફરીયાદી શાહેદ નં.૩ ખુશાલભાઈ લક્ષ્મણભાઈ નાઓને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે એમની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે તેઓ સુરત રેલ્વે સ્ટેશન મુસાફર ખાનામાં હાજર હતા

ત્યારે એક માણસ શંકાસ્પદ જણાતા તેનું નામ પુછતા ગુરુચરણ માધવચંદ શાહુ જણાવતા અને તેમની તપાસ કરતા તેમના થેલામાંથી દેશી બનાવટનો તમંચો મળી આવેલ અને તેની પાસેથી પાસ પરમીટ માં ગતા ન હોવાનું જણાવેલ જેથી તેઓએ ફરિયાદ આપેલ જે આક–૧૧ થી રજુ કરેલ છે તથા પંચનામુ આંક–૭ વાળું ઓળખી બતાવે છેતેઓએ આંક–૧૨ થી આ દેશી તમંચો અને તેની સાથે નિષ્ણાંત ને અભીપ્રાય આપવા મોકલાવેલ યાદી રજુ કરેલ છે.આ નિષ્ણાંતનો અભિપ્રાય પત્ર આંક–૧૩ થી રજુ કરેલ છે, તેઓએ સીલની ઓસી આંક–૧૪ થી રજુ કરેલ છે, આકં–૧૫ અને ૧૬ થી અભિપ્રાય રજુ કરેલ છે તથા આંક–૧૭ થી ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પરવાનગી રજુ કરેલ છે તથા તેઓને પુરતો પુરાવો આરોપી સામે ચાર્જશીટ કરેલાનું અને આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં આરોપીએ પગમાં શું પહેરેલ હતુ તે એમને ખ્યાલ નથી આરોપી પાસેની બેગમાંથી ઘડીયાલ અને વીટી મળી આવેલી. એટલે કે આ સાહેદે પણ બનાવ વખતે પંચોને પણ તેમની રૂબરૂ કરવામાં આવેલ. આ સાહેદે ફરિયાદપક્ષને મદદકરતા જુબાની આપેલ છે. તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામા આવેલ છે.

**(૧૬)** ફરીયાદી શાહેદ નં.૪ રમેશભાઈ પ્રભુભાઈ પટેલને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે તેઓ પીએસઓ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે તેઓએ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ હેકો ખુશાલભાઈ લક્ષ્મણભાઈને સોપેલાનું જણાવે છે.

**(૧૭)** આ કામે આર્મ્સ એકટની કલમ ૩૯ ધ્યાને લેવી જરૂરી બને છે. આંક–૩૯ મુજબ કયારેય પણ ચાર્જશીટ કરતી વખતે ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટની પરવાનગી લેવી આવશ્યક છે. આ કામે આંક–૧૭ થી પોલીસ અધિકારી શ્રી પશ્ચિમ રેલ્વે વડોદરા ની પરવાનગી માંગતા આરોપી સામે જિલ્લા મેજિસ્ટ્રેટ સુરત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા ચાર્જશીટ મુકવા અંગેની મંજુરી આપવામાં આવે છે. આર્મ્સ એકટની કલમ ૩૯ માં સંપુર્ણપણે પાલન કરેલ છે.

**(૧૮)** આંક–૧૫ થી એફ.એસ.એલ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. પરંતુ તે માત્ર એફ.એસ.એલ. મુકવામાં આવેલ છે અને એફએસએલે પરીક્ષણ કર્યા બાદ કબજે કરવામાં અવોલ તેમજ ચાલુ હાલતમાં અને કોઈ પણ માણસનું મૃત્યુ નીપજી શકે છે એવો અભિપ્રાય આ કામે રજુ કરવામાં આવેલ છે. તેથી નામદાર સુપ્રિમ કોર્ટ સન ઓફ કૃષ્ણકુમાર/ઓઆરએસ.વી.સ્ટેટ ઓફ બિહાર ૨૦૧૭ એસસી ૪૬૭ ધ્યાને લેતાં તેમા સ્પષ્ટ જણાવે છે કે આર્મ્સ એકટની કલમ ૩ અને ૫ નો ગુનો સાબિત કરવા માટે એફએસએલ

અથવા બેલેસ્ટીક એકસપર્ટનો રીપોર્ટ હોવો જરૂરી છે. આ રીપોર્ટ અને કબજે કરવામાં આવેલ હથિયાર આર્મ્સ છે કે કેમ તે સાબિત કરી શકાય નહી . જેથી આમસ એકટની કલમ ૩ અને ૨૫ મુજબનો ગુનો આવા રીપોર્ટ વિના સાબિત કરી શકાય નહી અને હાલના કિસ્સામાં પણ એફએસએલનો બેલેસ્ટીક રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી તેથી શંકાનો લાભ આરોપીને આપવો જરૂરી છે. ફરિયાદપક્ષે કબજે કરવામાં આવેલ તમંચો આર્મ્સ એકટની કલમ ૨૫ માં સાબિત કરે છે તેવું સાબિત કરી શકેલ ન હોય જેથી તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

***-:: હુ ક મ ::-***

આ કામના આરોપી **ગુરૂચરણ માધવસિંહ શાહુ(ફરાર), રહે : ગુસડાવણ, તા.કુંચીન્ડા, જિ.સમરપુર, ઓરીસ્સા.,** ઉ.વ.૨૫, ધંધો : મજુરી, રહે : ગામ.બરૈચા, તા.જિ.વારાણસી પોસ્ટ રામેશ્વર (યુ.પી.) વાળાને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮ (૧) સાથે વાંચતા સીઆરપસીની કલમ ૩૫૩(૬) મુજબ આર્મ એકટ ની કલમ ૨૫(૧)એ,બી મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામનો મુદ્દામાલ દેશી તમંચો તથા કાર્તુસ નીયમ મુજબ મ્યુઝીયમ માં મોકલી આપવા.

આ કામનાં આરોપીનાં ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કો.કલમ ૪૩૭(એ) મુજબ રૂા.૫૦૦૦/-ના આ હુકમની તારીખથી છ માસ સુધીના રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૧ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૧/૦૪/૨૦૨૬
સુરત

(પંકજ રાઠોડ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે),
સુરત
જજ કોડનં.જી.જે ૦૧૪૬૮